# ધર્મસ્થલ

● આવાગમન................. :

રેલ્વે સ્ટેશન :

મેંગલોર - ૭૦ કિ.મી.

બસ સ્ટેશન : ધર્મસ્થલ

● પહોંચવાનો સરળ માર્ગ ... : બેલૂર, હાસન, મેંગલોરથી સડક રસ્તે

● નજીકનું મુખ્ય શહેર ....... : મેંગલોર - ૭૦ કિ.મી.

● નજીકના તીર્થક્ષેત્રો ......... : મૂડબિદ્રી - ૫૨ કિ.મી., કારકલ - ૬૮ કિ.મી., વેણૂર - ૩૫ કિ.મી.

બેલુરમઠથી ધર્મસ્થલ બસ રસ્તે ૭૨ કિ.મી. છે. બેલુરમઠથી ધર્મસ્થલ જતાં રસ્તા ઉપર બંને બાજુ પુષ્કળ ઝાડી છે. તેથી બસમાં જરાયે ગરમી લાગતી નથી. ઉલ્ટાનુ ખુશનુમા વાતાવરણ લાગે છે અને ઠંડી હવા આવે છે. રસ્તાની બંને બાજુ ખૂબ જ મોટા અને ખૂબ જ ઊંચા ઝાડ છે. બસમાં એક કલાક જેટલા દૂર ગયા પછી એટલે કે આશરે ૪૦ કિ.મી. દૂર ગયા પછી ઘાટનો રસ્તો આવે છે. પહાડમાંથી કોરીને રસ્તો કાઢયો છે. આ રસ્તો એકદમ ગોળાકાર રસ્તો છે. એક બાજુ ઊંચા પહાડ અને ખૂબ ઊંચા ઝાડ છે અને બીજી તરફ ખૂબ ઉંડી ખાઈ છે. ઝીગઝાગ-સર્પાકાર ગોળ રસ્તો છે. ડ્રાયવર ખૂબ જ હોંશિયાર જોઈએ. નહીંતર સામેથી આવતા વાહન સાથે બસ ટકરાય તો બસ સીધી ખાઈમાં જ પડે. લગભગ ૦॥ કલાક સુધી આવો રસ્તો આવે છે. ત્યારબાદ પહાડમાં ઉપર ચઢાણવાળો રસ્તો છે. આ ચઢાણ ચઢયા પછીથી એકદમ નીચા ઢાળમાં-ખૂબ જ ઢાળમાં વાંકો ગોળાકાર રસ્તો છે. આટલું હોવા છતાંય બધે જ પાકો ડામર રોડ છે. ત્યારબાદ ૦।।। કલાક સુધી સીધો રોડ આવે છે. આ રીતે બેલુરથી ધર્મસ્થલ પહોંચતા બસમાં લગભગ ૨॥ કલાક પૂરી થાય છે. આ ગામમાં અન્ય ધર્મીઓનું પણ મંદિર છે. હજારો લોકો અહીં માનતા માનવા આવે છે. અહીં ૪-૫ ધર્મશાળા છે. ગામને છેડે દિગંબર જૈન ધર્મશાળા છે. તે સિવાય બીજી સાર્વજનિક ધર્મશાળા પણ ગામમાં છે, જેમાં સારી સગવડતા છે. મુનિમજી તુરત જ જગ્યા આપે છે. નાની-મોટી ઘણી રૂમો છે. ત્રણ માળની થઈને ૧૩૦ રૂમો છે. અહીંની ધર્મશાળામાં ફ્લશ લેટ્રીન, બાથરૂમ, વોશબેઝીન, લાઈટ-પાણી, વિગેરે બધી જ સગવડતા છે. અમુક રૂમો તો એટેચ્ડ બાથરૂમ-લેટ્રીન-પંખાની સગવડતાવાળી છે. સ્વતંત્ર રૂમ માંગો, તો પણ આપે છે.

આ ગામના મોટા શેઠ શ્રી વિરેન્દ્ર હેગડે છે, જેઓ કરોડપતિ છે. તેમના પિતાશ્રી પણ તેવા જ મોટા અને સુખી હતા. શ્રી વિરેન્દ્રજી વૈષ્ણવ ધર્મ અને જૈન ધર્મ-તેમ બંને ધર્મ પાળે છે. તેથી તેમણે ગામમાં બંને મંદિરો કરાવ્યા છે. તેમના તરફથી યાત્રાળુઓને જમવા માટે સવાર-સાંજ

ભાત અને કોઈ ભાજીનું શાક જમવામાં આપે છે. પાછળથી પાણી જેવી ખૂબ ખાટી છાશ પણ આપે છે. સાંભળવા મુજબ તેમના ચાના સમયે સવારે જાઓ, તો ચા-નાસ્તો અને બપોરે જમવામાં મિઠાઈ પણ આપે છે.

શ્રી વિરેન્દ્ર હેગડેના બંગલાને ગ્લાસ હાઉસ કહે છે, જે જોવાની સૌને છુટ છે. નીચે બેઠકનો રૂમ અને ઓફિસ છે. ઉપર જવા માટે દાદરથી ચઢો ત્યારે ચારે તરફ દિવાલ ઉપર મોઢુ જોવાના મોટા-મોટા અરીસા ચોડેલા છે. આ અરીસા જુદી-જુદી ડિઝાઈનવાળા છે. ઉપર પણ આખો રૂમ આવા કાચનો જ બનાવેલો છે. આ રૂમમાં રાત્રે લાઈટ થાય ત્યારે આ રૂમ ખૂબ જ સુંદર લાગે છે. તેથી રાત રોકાઓ તો આ રૂમ ખાસ જોવાલાયક છે. આ રૂમમાં ઘણી જ સુશોભિત વસ્તુઓ છે. રૂમમાં નીચે ભારે ગાલીચા પાથરેલા છે. તે સિવાય આ મકાનમાં જૈન ઘરદેરાસર છે. તેમાં ચાંદીના સિંહાસનમાં શુદ્ધ સોનાના નાના ભગવાન છે. ભગવાનની પાછળ સોનાનું ભામંડળ માણેક જડિત છે. તે સિવાય બે ભગવાન સ્ફટિકના છે. તે સિવાય એક ભગવાન પન્નાના અને એક ભગવાન નિલમના છે. તે સિવાય નીચે ભોયરામાં આવા ઘાટમાં ત્રણેય બાજુ રત્નોના ચોવીસ પ્રતિમાજી છે. સ્ફટિક-નિલમ-માણેક - તેવા કિંમતી ધાતુઓના ચોવીસ ભગવાન છે.

આ સિવાય શ્રી હેગડેજી તરફથી નાનકડી એવી ટેકરી ઉપર શ્રી બાહુબલી ભગવાનના ૪૦ ફીટના ખડ્ગાસને ભવ્ય પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરાયેલા છે. ટેકરી ચઢતા માત્ર પાંચ મિનિટ જ થાય છે. ગામને છેડે શ્રી ચન્દ્ર પ્રભુનું એક મંદિર છે. આ રીતે અહીં કુલ ત્રણ જિનમંદિરો છે. ગામમાં હેગડે શેઠનો નાનો એવો એક બગીચો છે. તેમાં રાધાકૃષ્ણ અને અન્ય દેવોની મૂર્તિઓ છે. તે સિવાય એક પોલીસનું અને એક પોસ્ટમેનનું - તેમ બે પૂતળા - સ્ટેચ્યુ આ બગીચામાં મૂક્યા છે. તે સિવાય બાગમાં માછલીઘર છે. બીજે ઘણે સ્થળે માછલીઘર હોય છે. પણ અહીં જુદા પ્રકારનું માછલીઘર છે. દરેકેદરેક જુદા-જુદા શો કેઈસમાં જુદા-જુદા મગર, દેડકા, જેવા ઘાટના રમકડા મૂક્યા છે. તેમના મોઢામાંથી ૦ાા-૦ાા મિનિટે ગોળ રૂપેરી જેવા પાણીના પરપોટા નીકળીને ઉંચે ચડે છે. તે સિવાય જુદા-જુદા રંગબેરંગી ચકકર ગોળ ફરે છે અને તેમાં લાઈટ થાય છે અને ગોળ રૂપેરી પાણીનો પરપોટો ઉપર ચડે છે. આ સિવાય જુદા-જુદા પ્રાણીઓનો સંગ્રહ મ્યુઝિયમમાં છે.

ધર્મસ્થલ ગામમાં બઝારમાં થોડા સ્ટોલ છે અને એકાદ-બે હોટલ છે. સ્ટોલોમાં દેવ-દેવીઓના ફોટા, પ્લાસ્ટીકની અન્ય ધર્મની મૂર્તિઓ, ખજૂર, સાકર, બુંદીના નાનકડા લાડુ - ૫૦/૧૦૦ ગ્રામના પેકેટમાં દેવ-દેવીઓને ચડાવવા માટે પુષ્કળ વેચાય છે.

બેલુરમઠથી ધર્મસ્થલ ૭૨ કિ.મી. છે અને ધર્મસ્થલથી વેણૂર ૩૫ કિ.મી. છે અને વેણૂરથી મૂડબિદ્રી ફક્ત ૨૭ કિ.મી. છે. આ તરફની યાત્રા માટે સાચો યાત્રા ક્રમ અગાઉ ટેબલમાં જણાવેલ છે. માટે તે ટેબલ મુજબ જ યાત્રા કરવી.

પર તરફના વિકલ્પો છોડીને, રાગનો પ્રેમ તોડીને, મતિને અંતરમાં જોડવી. વારંવાર બુદ્ધિપૂર્વક સ્વતરફ જોડાણ કરવું.